
# આપનું સપ્તાહ કેવું જશે? તા.૨૪/૦૮/૨૦૨૬ થી તા.૩૦/૦૮/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in


**મેષ (અ,લ,ઈ):-** સપ્તાહની શરૂઆત મિટીંગ વગેરે માટે યાત્રા પ્રવાસથી થાય. જૂના મિત્રો અને જૂના અનુભવોથી નવી દિશા મળે. રંગીન અને રોમેન્ટીક મુલાકાત થાય. નોકરી માટેની શોધ પૂર્ણ થાય. ધંધામાં નવા સોદા અને નવી યોજના પાર પડે. આત્મવિશ્વાસ વધે તેવા કામ પાર પડે. પ્રેમ વ્યક્ત કરવામાં ઉતાવળ કરવી નહી. ઈર્ષાળુ મિત્રોથી સાવધાન રહેવુ. વિદ્યાર્થીઓને ની ટેકનોલોજીથી લાભ થાય. ગુપ્ત શત્રુઓથી સાવધાન.


**વૃષભ (બ,વ,ઊ):-** નવા કામની શરૂઆત માટે ધીરજ રાખવી. કિંમતી વસ્તુનું ધ્યાન રાખવું. પડવા-વાગવાથી સાવધાન રહેવું. નવા સર્જનાત્મક વિચારો ભવિષ્યની નવી દિશા બને. બૌદ્ધિક કામમાં સફળતા મળે. સામાજીક અને કુટુંબીક સંબંધો મજબૂત બને. નોકરીમાં નવી જવાબદારી અને સ્થાનફેરથી દોડધામ વધશે. પ્રેમ પ્રકરણો રોમેન્ટીક રહેશે. નવા રોકાણમાં ધીરજ રાખવી. શિક્ષણમાં મદદરૂપ થાય એવી પરીક્ષામાં સફળતા મળે.


**મિથુન (ક,છ,ઘ):-** ચાલુ વીકમાં દાંપત્ય જીવનમાં તાલમેળ અને એકબીજાને મદદરૂપ બનવાનો અનુભવ થાય. વેપાર ધંધાને વધારવાની નવી યોજના બને. નવા રોકાણ બાબતે ધીરજ રાખવી. સરકારી કામમાં ઉપરીવર્ગ સાથે ઘર્ષણ ટાળવું. વધુ પડતું વિચારવાનું છોડીને પ્રેક્ટીકલ બનવું. જૂના મિત્રોની મુલાકાતથી પારીવારિક પ્રશ્નો હલ થઈ શકે છે. વિદેશના કામ થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે.


**કર્ક (ડ,હ):-** ચાલુ વીકની શરૂઆતમાં માતા કે અન્ય પારીવારિક સભ્યના આરોગ્યની ચિંતા અને ખર્ચા વધશે. સરકારી કામમાં સાવધાની રાખવી. રોજના કામમાં અચાનક સફળતા મળે. નવી યોજના પાર પડે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય. સામાજિક કામમાં યશ મળે. વિવાહ લાયકને યોગ્ય પાત્ર મળે. નોકરી-ધંધામાં જૂની ભૂલો પરેશાની વધારશે. લેવડ-દેવડમાં ધીરજ રાખવી. ખાવા-પીવા બાબતે સંતુલન રાખવું. અચાનક ખર્ચા વધશે.


**સિંહ (મ,ટ):-** ચાલુ વીકમાં પ્રેમ વિવાહ માટે અનૂકુળતા સુચવે છે. સંતાનોની સમસ્યા સતાવે. જીવન સાથી સાથે મનોરંજન પ્રવાસ થાય. શેર બજારમાં ધીરજ રાખવી. નોકરીયાત વર્ગને ભાગ્યનો સાથ મળે. નવી તક ઊભી થાય. મોટી કંપનીની ઓફર આવી શકે છે. બીજાના ભરોશે કામ છોડવું નહીં. ભાગીદારીમાં ધીરજ રાખવી. વિરોધીઓ કુટુંબ સમાજમાં પરેશાની વધારી શકે છે. કોઈના પર આંધળો વિશ્વાસ મુકવો નહીં.


**કન્યા (પ,ઠ,ણ):-** ચાલુ વીકમાં સમયનો સદઉપયોગ કરવાનો મોકો મળશે. સરકારી નોકરીની તૈયારીમાં હકારાત્મક પ્રગતિ થાય. આર્થિક પ્રગતિ નવા સંપતિના સોદા અને ધંધા વગેરેમાં થાય. પ્રેમમાં મિલન મુલાકાત અને પ્રેમ-સોગાદથી વિશ્વાસ વધે. મિત્રો સાથે મનોરંજન થાય. શેર, સટ્ટા, લોટરી વાયદામાં લાભ થાય. અભ્યાસમાં પ્રગતિ થાય. સંતાનોના કામ થાય. સરકારી નોકરીયાતે સાવધાની રાખવી. લાલચથી બચવું. દાંપત્યમાં અનૂકુળતા રહે.


**તુલા (ર,ત):-** સપ્તાહ વિદ્યાર્થીઓને અભ્યાસમાં અનુકૂળતા વધારનાર અને સારા પરિણામ આપનાર રહેશે. સ્પર્ધાત્મક પરિક્ષામાં સફળતા મળે. આત્મવિશ્વાસ વધે. શુભ સમાચાર મળે. મિલકત-વારસા બાબતે મદદ મળે. નોકરીમાં ઉચ્ચપદની પ્રાપ્તિ થઈ શકે છે. પ્રેમમાં ગેરસમજ થઈ શકે છે. સ્વાર્થી મિત્રોથી નુકસાન થાય. સંબંધી વગેરે સાથે વિવાદ ટાળવો. નવા રોકાણમાં ધીરજ રાખવી. સરકારી નોકરીમાં સ્થાનફેર થાય.


**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીક નવી ઘટના અને કુટુંબ જીવનમાં નવો ફેરફાર વાળુ રહેશે. મહત્વના ફેરફારથી અનુકૂળતાની સાથે જવાબદારીઓ કામનો બોજ વધશે. વાણી પર કાબુ રાખવો. બાળકો વડીલો સાથે પ્રવાસ થાય. તમારા કામની કદરથી ઉત્સાહ વધે. ટેકનોલોજી, દલાલી વગેરેથી લાભ થાય. સામાજીક, પ્રવૃતિ અને પારીવારિક પ્રશ્નો હલ થાય. સંતાનોની પ્રગતિ થાય. આર્થિક પ્રગતિની તક ઊભી થાય.


**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ પરિવારના વડીલોના આશીર્વાદથી નવા પ્રોજેક્ટની શરૂઆત કરવામાં મદદરૂપ રહે છે. નવા લોકોનો લાભ અને મદદ મળી શકે છે. ઘરમાં નવા ફેરફાર થાય. નવા ઘરની યોજના બને. સંતાનોના કામમાં પ્રગતિ થાય. આત્મવિશ્વાસ વધે. તમારા કામની કદર થાય. પ્રવાસમાં સાવધાન રહેવુ અને વિવાદથી બચવું. આર્થિક બાબતે નવા રોકાણ થાય. કલા, સાહિત્ય, શિક્ષણ પ્રવાસ દલાલી વગેરે કામમાં લાભ થાય.


**મકર (ખ,જ):-** સપ્તાહ પરિવાર સાથે મનોરંજનમાં પસાર થાય. પ્રવાસમાં સાવધાની રાખવી. માનસિક અશાંતિ અને ગુપ્ત ભય સતાવે. ખર્ચા વધશે. સમાજ જીવનમાં ધીરજ રાખવી. ભાઈ-બહેન-મિત્રો સાથે પાર્ટી-પિકનીક થઈ શકે છે. આવક વધે. નવો કામ મળે. નોકરીમાં જવાબદારી વધે. વાણી પર કાબુ રાખવો અને માર્કેટીંગના કામમાં સાવધાન રહેવું. પડવા-વાગવાથી સાવધાન રહેવું. ખર્ચા વધશે.


**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહની શરૂઆતમાં ભેટ કે ઈનામ મળી શકે છે. પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. નવા સંબંધો બંધાય. પ્રેમની શરૂઆત થઈ શકે છે. વિશ્વાસઘાતથી બચવું. ગુપ્તભય સતાવે. મોજ-શોખ પર બીનજરૂરી ખર્ચાથી બચવું. કોઈની વાતોમાં આર્થિક વ્યવહાર કરવા નહી. આગ, પાણી, અકસ્માતથી સાવધાન રહેવું. દાંપત્યજીવનમાં તાલમેળ વધશે. આર્થિક વ્યવહારમાં ચોક્કસ બનશો. આવક વધશે.


**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ દરમિયાન નોકરીના ઈન્ટરવ્યુ અને ધંધા માટેના પ્રવાસ સફળ રહે. કાર્ય સ્થળ પર નવા ફેરફારથી અનુકુળતા વધશે. સંતાનોના કામ પાર પડે. પ્રેમમાં સફળતાનો અનુભવ વધે. શેર, સટ્ટા, લોટરી, વાયદાના કામ પાર પડે. બીજાના ભરોસે રહેવું નહી. અચાનક કામનો બોજ વધશે. દેખાદેખી કરવી નહી. ધાર્મિક પ્રવાસ થાય. વિદેશનો કામમાં પ્રગતિ થાય. અચાનક નવી તક મળે. પણ અશાંતિ વધશે.

# ભારત અને પડોશી દેશો જ્યોતિષની દ્રષ્ટિએ

ભારત કુલ સાત થલ સીમા અને બે જળ સીમા સાથે કુલ નવ પડોશી દેશોથી ઘેરાયો હોવાના કારણે દેશ પર હંમેશા શત્રુઓના કાવતરાનો ભય લટકતી તલવાર સમાન મંડાયેલ રહે છે અને તે ભવિષ્યમાં પણ કાયમ રહેવાના ભારતની કુંડલી અને વાસ્તુ પ્રમાણે સ્પષ્ટ છે. વાસ્તુ પ્રમાણે ભારતની આઠે દિશા નકારાત્મક પ્રભાવમાં આવે છે માટે આપણને સારા અને હિત-ઈચ્છુક પડોશી મળ્યા નથી અને દેશની આંતરિક વ્યવસ્થાને સંતુલિત રાખે તેવા રાજકીય પક્ષો કે નેતા મળ્યા નથી. દેશને બાહ્ય અને અંદરોની શક્તિઓ કોઈ ને કોઈ રીતે લૂંટવા અને અસ્થિર કરવાની ચાલ ચાલતા હોય છે તેનું કારણ આ વાસ્તુ છે.

વાસ્તુ પ્રમાણે આપણા પડોશીઓની રહેણીકરણી, તેમનો આપણા તરફનો વ્યવહાર, વિચાર વગેરેની અસર આપણા પર ખૂબ જ પ્રભાવિત રીતે પડે છે અને આપણાં ઘર, દેશ કે ભૂમિખંડની ઊર્જાને પ્રભાવિત કરે છે એમાં કોઈ જ બેમત નથી.

જ્યોતિષની દૃષ્ટિએ કુંડલીનો ત્રીજો ભાવ એટલે પડોશી તથા પોતાની આસપાસના માહોલનું નિર્દેશન કરે છે. દેશ કે વ્યક્તિગત કુંડલીમાં ચોથું સ્થાન સુખસ્થાન માનવામાં આવે છે. ચોથા સ્થાનથી ત્રીજું સ્થાન બારમું આવે છે. આ ત્રીજું સ્થાન એટલે પડોશ અને સંપર્કનું પ્રતિનિધિત્વ કરે છે. આ સ્થાન પરથી આસપાસના વાતાવરણનો લાભ કેવો મળશે અને પડોશીઓ સાથે સંબંધ કેવા રહેશે તે નક્કી થાય છે. આપણા સ્વતંત્ર ભારતની કુંડલીમાં ત્રીજા સ્થાનમાં કુલ પ્લુટો, સૂર્ય, ચંદ્ર, બુધ, શુક્ર અને શનિ સાથે કુલ છ ગ્રહોનો શંભુમેળો જુદી જુદી પ્રકૃતિના હોવાથી આપણા પડોશીઓ આપણા સૌથી મોટા શત્રુઓ સાબિત થાય છે. તીસરા ભાવમાં રહેલ સૂર્ય આત્મકારક બને છે અને તે સૌથી વધુ પીડિત બને છે માટે ભારતના આત્માને ઠેસ પહોંચે તેવી હરકતો પડોશી દેશો કરે છે. આપણા પડોશી દેશોમાં નેપાળ અને બાંગ્લા દેશ સાથે આપણા સૌથી સારા સંબંધો હતા તે હાલ પડી ભાંગ્યા છે અને તે મોટા દુશ્મન જેવો વ્યવહાર કરે છે. તેનું કારણ નેપાળ ભારતની ઉત્તર-પૂર્વ મોટા ભાગે ઈશાન તરફ અને બાંગ્લા દેશ પૂર્વ દિશા તરફ છે. પૂર્વ દિશા સૂર્ય અને ઉત્તર-પૂર્વ દિશા ગુરુના પ્રભાવમાં આવે છે. ભારત અને બાંગ્લા દેશની કુંડલીમાં મિત્રતા વધુ છે. કારણ કે બંને વૃષભ લગ્નની છે. એ જ રીતે નેપાળની કુંડલી મીન લગ્નની છે. જે ભારતના લાભસ્થાનમાં આવે છે. આ કારણે આ બંને દેશો સાથે ભારતના સંબંધો સારા હતા, પણ ગુરુ અને કેતુ બંને અધ્યાત્મ અને ધર્મ સાથે જોડાયેલ છે. આ જોડાણને સામાન્ય રીતે શુભ માનવામાં આવે છે, પરંતુ જ્યારે કોઈ ન્યાય, કાયદાકીય પ્રશ્નો આવે ત્યારે આ જોડાણ ભાંગી પડે છે અને ધાર્મિક કટ્ટરતા પેદા કરનાર બને છે. ધાર્મિક કટ્ટરતાના કારક, ગુરુ અશુભ હોય અને રાહુ-કેતુ કુંડલીમાં બળવાન હોય, બાંગ્લા દેશની કુંડલીમાં ધર્મ ભાવ એટલે નવમા ભાવમાં બળવાન રાહુ છે અને સાતમે પબ્લીક સ્થાનમાં અસ્તનો પીડિત શનિની દૃષ્ટિનો ગુરુ છે અને ભારતમાં પણ રાહુ-કેતુ અને ગુરુ બળવાન છે પણ સ્વતંત્ર ભારતની કુંડલીમાં મધ્યમ ગતિમાં છે જ્યારે બાંગ્લા દેશની કુંડલીમાં ગુરુ અતિચારી ગતિ કે અવસ્થામાં છે અને હાલમાં પણ ગુરુ અતિચારી અવસ્થામાં છે. ગુરુ જ્યારે અતિચારી હોય છે ત્યારે પોતાનું શુભત્વ ગુમાવી દે છે જેના કારણે દેશ, દુનિયા અને વ્યક્તિગત જીવનમાં ભયંકર ઊથલપાથલ થાય છે.

બાંગ્લા દેશની કુંડલીમાં અત્યારે ત્રીજા સ્થાનમાં માલિક ચંદ્રની મહાદશા મે 2024થી મે 2034 સુધીની ચાલે છે. આ દશા તેના માટે ખાસ પડોશીઓ સાથેના સંબંધો માટે શુભ નથી. કારણ કે ત્રીજાના માલિકની સ્થિતિ જ પડોશીઓ સાથેના સંબંધો નક્કી કરે છે. બાંગ્લા દેશનો ચંદ્ર નીચનો છે અને શનિની દૃષ્ટિ તથા અસ્તના ગુરુ-બુધ સાથે છે. જ્યારથી ચંદ્રની મહાદશા ચાલુ થઈ ત્યારથી ભારત સાથેના સંબંધોમાં તિરાડ પડી. સામે ભારતની મારકેશ મંગળની મહાદશા જુલાઈ 2025 થી 2032 સુધીની ચાલુ થઈ તે પણ દેશ માટે પ્રતિકૂળ છે. હાલની બાંગ્લા દેશની હરકતો ભારત માટે મુસીબત વધારનાર બનતી જાય છે. 2032 સુધી ભારત-બાંગ્લા દેશની સ્થિતિ સુધરે એમ નથી. ભારતના સૌથી મોટા દુશ્મન ચીનના ત્રીજા સ્થાનમાં રાહુ છે માટે તે ક્યારે પણ ભારતનો મિત્ર સાબિત થઈ શકે એમ નથી. આ ચિંતા અને વિશ્વાસઘાતી ઘટનાને અંજામ આપનાર યોગ કુંડલીમાં થાય છે અને ભારતને પડોશીઓથી પીડાના યોગ છે. બીજા દુશ્મન પાકિસ્તાનની કુંડલીમાં ત્રીજા ભાવમાં મંગળ છે માટે તે હંમેશા યુધ્ધ અને વિનાશની યોજનામાં રહીને ભારતના વિકાસમાં અવરોધ પેદા કરે છે અને કરતા રહેશે.

એ જ રીતે નેપાળની કુંડલીમાં પણ ત્રીજા સ્થાનમાં કેતુ છે જે ભારતના રાહુ પર આવે છે માટે તે પણ ભારત સાથે કાયમી મિત્રતા રાખી શકે તેમ નથી. ભારતના પ્રથમ ભાવમાં રાહુ છે માટે આપણને કોઈ સારા વિશ્વાસુ પાડોશીઓ મળશે નહીં અને વિશ્વાસઘાતથી ભારતને નુકસાન કરનાર પડોશીઓ આપનાર બને છે. માટે જ ભારત, પાકિસ્તાન, ચીન, નેપાળ, બાંગ્લા દેશ વગેરે સાથે સંબંધો સુધારવાની કોશિશમાં નિષ્ફળ રહે છે અને ગ્રહ સંકેત પ્રમાણે ભારતને ઉપરોક્ત દેશોથી નુકસાન થવાની સંભાવના છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### રાષ્ટ્રગીત વાગતું...

નીકળી જાય છે. આ ઘટના એવા સમયે સામે આવી છે જ્યારે ભાજપ કોંગ્રેસ દ્વારા તેના કાર્યક્રમોમાં 'વંદે માતરમ'ના માત્ર બે જ પદો ગાવાના નિર્ણય પર તેને લક્ષ્ય બનાવી રહી છે અને તેને રાષ્ટ્રીય ગાનનું અપમાન ગણાવી રહી છે. કોંગ્રેસના સોશિયલ મીડિયા વિભાગના વડા સુપ્રિયા શ્રીનાતે 'X' પર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું, "અંગ્રેજોના બાતમીદારો, 'વંદે માતરમ' વિશે જૂઠ પછી ફેલાવજો. પહેલા એ જણાવો: તમારા દબંગ નેતા અને યુપી વિધાનસભાના સ્પીકર સતિષ મહાના રાષ્ટ્રગીતની વચ્ચેથી જ કેમ ચાલ્યા ગયા? શું તેઓ માત્ર 52 સેકન્ડ પણ રાહ જોઈ શક્યા નહિ?" તેમણે ઉમેર્યું કે 'જન ગણ મન'નું "અપમાન" સહન કરવામાં આવશે નહીં અને માફીની માંગ કરી હતી. સમાજવાદી પાર્ટીના પ્રવક્તા અનુરાગ ભદોરિયાએ કહ્યું, હવે દરેકને દેશભક્તિનું પ્રમાણપત્ર આપતી ભાજપ તેમના વિશે શું કહેશે? ભાજપના પ્રવક્તા હરીશ ચંદ્ર શ્રીવાસ્તવે વિપક્ષના આક્ષેપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે આ ઘટનાને બિનજરૂરી રીતે "મોટું સ્વરૂપ" આપવામાં આવી રહ્યું છે.તેમણે કહ્યું કે આવી ભૂલો ક્યારેક થઈ શકે છે અને બની શકે કે મહાનાએ તે ક્ષણે રાષ્ટ્રગીત પર ધ્યાન ન આપ્યું હોય.

### H1N1નો કોઈ...

વ્યક્તિઓને જટિલતાઓનું જોખમ વધુ હોઈ શકે છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ICMRના સૂત્રો મુજબ, દેશમાં હાલમાં ફેલાઈ રહેલો Influenza A (H1N1) pdm09 વાયરસ A/Missouri/11/2025 (H1N1) pdm09 જેવા વાયરસ સ્ટ્રેનનો છે. આ વાયરસ ક્લેડ 6B.1A.5a2a, સબક્લેડ D.3.1.1 અંતર્ગત આવે છે અને ૨૦૨૫ થી ફેલાઈ રહ્યો છે. જો લક્ષણો લાંબા સમય સુધી રહે, વધુ ખરાબ થાય કે ગંભીર બને, તો સમયસર ડૉક્ટરની સલાહ લેવાની ભલામણ કરવામાં આવે છે. નિયમિત સર્વેલન્સ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી જાહેર આરોગ્ય પગલાં લેવામાં આવી રહ્યા છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

### સંરક્ષણ કરારની...

પાકિસ્તાનને ડ્રોન અને તેની સાથે સંકળાયેલ સિસ્ટમોનો મોટો જથ્થો પહોંચાડ્યો હોઈ શકે છે. સૂત્રોએ એમ પણ કહ્યું કે પાકિસ્તાનને ડ્રોન સંબંધિત સાધનો સાથે HQ-શ્રેણીની હવાઈ સંરક્ષણ પ્રણાલી મળી હશે. તાજેતરના વર્ષોમાં પાકિસ્તાનને પૂરા પાડવામાં આવેલ તુર્કી માનવરહિત સિસ્ટમોમાં બાયરક્તાર TB2નો સમાવેશ થાય છે, જે તુર્કી દ્વારા વિકસાવવામાં આવેલ મધ્યમ-ઊંચાઈ, લાંબા-સહનશીલ વ્યૂહાત્મક ડ્રોન છે. યુક્રેન દ્વારા રશિયન બખ્તર, તોપખાના અને નૌકાદળની સંપત્તિ સામે ઉપયોગ કર્યા બાદ બાયરાક્ટર TB2 એ આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું. આ ડ્રોનને તેની શ્રેણીમાં સૌથી સક્ષમ સશસ્ત્ર UAV માંનું એક માનવામાં આવે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે તુર્કી અને સાઉદી અરેબિયા સાથે સંકળાયેલા સંરક્ષણ સહયોગ કરાર હેઠળ આ સંપાદન કરવામાં આવી રહ્યું છે. તુર્કી પાકિસ્તાનના માનવરહિત હવાઈ વાહનોના મુખ્ય સપ્લાયર્સમાંના એક તરીકે ઉભરી આવ્યું છે, જેમાં બાયરક્તાર TB2 અને અન્ય વ્યૂહાત્મક પ્રણાલીઓ ઈસ્લામાબાદ સાથેના તેના લશ્કરી સહયોગનો ભાગ છે. પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીર ખરીદી પ્રક્રિયાને આગળ ધપાવી રહ્યા છે, જેમાં પાકિસ્તાનની સતત આર્થિક મુશ્કેલીઓ હોવા છતાં, હાલની દ્વિપક્ષીય સંરક્ષણ વ્યવસ્થા દ્વારા સંપાદન કરવામાં આવી રહ્યું છે.

### ચીનની નવી...

સંઘર્ષનો હવાલો આપતાં જણાવ્યું હતું કે, આ દરમિયાન બ્રિટને કેવી રીતે અર્જેન્ટીનાને હરાવવા માટે વ્યાપારી જહાજોનો ઉપયોગ કર્યો હતો. આ વાત ગયા મહિને ડિફેન્સ ઈન્ડસ્ટ્રી કન્વર્ઝન ઈન ચાઈનામાં પ્રકાશિત એક લેખમાં કહેવામાં આવી છે. રાષ્ટ્રીય વિકાસ અને સુધારા આયોગના સમન્વિત આર્થિક અને રાષ્ટ્રીય રક્ષા વિકાસ અનુસંધાન કેન્દ્રના લી જિને લખ્યું, "જેમ-જેમ ચીનના રાષ્ટ્રીય સુરક્ષા અને વિકાસ હિતો દરિયાઈ ક્ષેત્રમાં વિસ્તરતા જાય છે, દરિયાઈ અધિકારોની સુરક્ષા અને સૈન્ય અભિયાનોની વધતી માંગોએ નાગરિક જહાજોની ગતિશીલતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ઝડપથી ઉજાગર કરી છે." લેખ અનુસાર, ફોકલૅન્ડમાં બ્રિટનના અનુભવે નાગરિક જહાજોના એક મોટા કાફલાને સૈન્ય જહાજમાં તબદીલ કરવાના મહત્ત્વને ઉજાગર કર્યું છે.

### ભારતના માજી...

થઈ હોય તેમ લાગતું હતું, જે વર્ષના આધારે તેમની વિગતો ચકાસવામાં આવી રહી હતી. સૂરી તે સમયે વિદેશમાં તૈનાત હતા અને ત્યારબાદ તેમને તેમનો પાસપોર્ટ જમા કરાવવા માટે કહેવામાં આવ્યું હતું. ત્રણ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યા પછી 2019માં નિવૃત્ત થયેલા સૂરી માટે આ પરિસ્થિતિ અત્યંત વિડંબનાપૂર્ણ હતી: તેમણે હવે સ્વદેશમાં પોતાની નાગરિકતા સાબિત કરવી પડી રહી હતી. જો ત્રણ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યા પછી મને મારી નાગરિકતા સાબિત કરવામાં તકલીફ પડતી હોય, તો સામાન્ય નાગરિકનું શું થતું હશે? એવો પ્રશ્ન તેમણે કર્યો હતો. ભારતીય ચૂંટણી પંચ, પંજાબ સરકાર અને કેન્દ્ર સરકારે હજુ સુધી સૂરીના આ વિવરણ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.

### રહેમાનની ભારત...

૧૨-૧૩ સપ્ટેમ્બરે યોજાનારી આગામી બ્રિક્સ સમિટના આઉટરીચ સત્રમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું છે. આ બહુપ્રતીક્ષિત મુલાકાતને ભારત-બાંગ્લાદેશ સંબંધોને પુનર્જીવિત કરવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે, જે ઓગસ્ટ ૨૦૨૪માં પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની સરકારના પતન પછી વણસ્યા હતા.

શેખ હસીના સરકાર પડી ભાંગ્યા બાદ ભારત ભાગી ગયા હતા. ત્યારથી ઢાકાએ તેમના પ્રત્યાર્પણની માંગ કરી છે, જ્યારે નવી દિલ્હીએ જણાવ્યું છે કે આ વિનંતી લાગુ કાનૂની પ્રક્રિયાઓ અનુસાર વિચારણા હેઠળ છે. "અમે ભારત સાથે સકારાત્મક સંબંધો ઈચ્છીએ છીએ. શા માટે ન ઈચ્છીએ? તેઓ આપણા પડોશી છે. આપણી વચ્ચે સારો વ્યવહારુ સંબંધ હોવો જોઈએ," શુક્રવારે રાજ્ય મંત્રી તરીકે નિયુક્ત થયેલા બાંગ્લાદેશ પીએમના સલાહકાર કબીરે કહ્યું. "પરંતુ આ બાંગ્લાદેશના રાષ્ટ્રીય હિતોને પ્રાથમિકતા આપીને થવું જોઈએ," તેમણે ઉમેર્યું કે ઢાકા કોઈપણ દેશ સાથેના વ્યવહારમાં પોતાના હિતો સાથે સમજૂતી કરશે નહીં. ૫ ઓગસ્ટના ઘટનાક્રમ પછી, ઢાકાએ હસીનાના પ્રત્યાર્પણની પોતાની માંગ દોહરાવી અને તેને રહમાનની પ્રસ્તાવિત ભારત મુલાકાત સાથે પણ જોડવાનો પ્રયાસ કર્યો. કબીરે શનિવારે કહ્યું હતું કે ઢાકા અને નવી દિલ્હી વચ્ચે પ્રત્યાર્પણ સંધિ છે, અને હસીનાના પ્રત્યાર્પણનો મુદ્દો બંને દેશો વચ્ચે ચાલુ વાટાઘાટોનો એક ભાગ છે.

### PNG કનેક્શનો...

અટકાવવાના હેતુથી એક નિયમન માળખું અમલમાં મૂકવા માટે મંત્રાલય જિલ્લા સ્તરે હસ્તક્ષેપ ઈચ્છી રહ્યું છે.

ઘરોમાં રસોઈના ઉપયોગ માટે પાઈપ દ્વારા પહોંચાડવામાં આવતા ગેસના ઝડપી પ્રસાર માટેનું આ પગલું આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ એશિયાની કટોકટી દરમિયાન ભારતના એલપીજી સપ્લાય ચેઈનમાં સર્જાયેલી અડચણો બાદ લેવામાં આવ્યું છે. એલપીજી એવા બળતણમાંથી એક હતું જે આ સંઘર્ષથી સૌથી વધુ પ્રભાવિત થયું હતું, કારણ કે ભારત તેની રસોઈ ગેસની જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરે છે, અને તેનો ઘણો મોટો જથ્થો કતાર, સાઉદી અરેબિયા, યુએઈ અને કુવૈતથી હોર્મુઝના અખાતના માર્ગે થઈને આવે છે.

### મંત્રીઓના બંગલાઓના...

વચ્ચે વધીને લગભગ 50 કરોડ થયો હતો. ખર્ચ 2024-25 માં 71.98 કરોડ અને 2025-26 માં 92.35 કરોડ રહ્યો હતો. CPWD એ મંત્રી ન હોય તેવા લોકસભા અને રાજ્યસભાના સાંસદોના નિવાસસ્થાનો અથવા કેન્દ્રીય મંત્રીઓ અને રાજ્ય મંત્રીઓની ઓફિસોના ખર્ચનો ડેટા આપ્યો ન હતો. એક કેબિનેટ મંત્રીના સ્ટાફ મેમ્બરે અનામી રહેવાની શરતે PTIને જણાવ્યું હતું કે સમારકામ અને નવીનીકરણ માટેની સૌથી વારંવારની વિનંતીઓ ઈલેક્ટ્રિકલ વસ્તુઓ જેવી કે ફેન અને LED લાઈટ્સ, દર થોડા મહિને પ્લમ્બિંગનું કામ અને દર થોડા વર્ષે ફ્લોરની ટાઈલ્સ બદલવા સાથે સંબંધિત હોય છે. સપ્ટેમ્બર 2009 ની એક RTI અરજીના જવાબમાં જણાવાયું હતું કે 2004 અને 2009 વચ્ચે સરકારે સાંસદો અને કેન્દ્રીય મંત્રીઓને ફાળવવામાં આવેલા બંગલાઓની જાળવણી અને રિનોવેશન પર કુલ 93.50 કરોડનો ખર્ચ કર્યો હતો. એટલે કે ગયા વર્ષનો એક વર્ષનો ખર્ચ તે પાંચ વર્ષના કુલ ખર્ચ જેટલો થઈ ગયો છે.

# ખેતરમાં ગેસ પાઈપલાઈન નહીં નાંખવા દેવા ખેડૂતો એકજૂટ

**ભરૂચના** કોલીયાદથી કામરેજના આખાખોલ સુધીની 18 ઈંચની પાઈપલાઈન સામે આનંદ આશ્રમ ભાદોલ ખાતે અસરગ્રસ્ત ખેડૂતોની બેઠક યોજાઈ

સુરતઃ ટોરેન્ટ પાવર લિમિટેડના સુજેન પાવર પ્લાન્ટ માટે દહેજ ખાતેના પેટ્રોનેટ એલએનજી ટર્મિનલ પાસેના કોલીયાદથી કામરેજના આખાખોલ સુધી 18 ઈંચ વ્યાસની ગેસ પાઈપલાઈન નાંખવા માટે પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા સામે ખેડૂતોમાં વિરોધ ઉગ્ર બન્યો છે. ખેડૂત સમાજ ગુજરાતના નેજા હેઠળ આજે રવિવારે સાંજે 4 વાગ્યે આનંદ આશ્રમ, ભાદોલ ખાતે ખેડૂતોની વિશાળ બેઠક મળી હતી. બેઠકમાં ખેડૂત આગેવાનો દ્વારા સ્પષ્ટપણે જણાવાયું હતું કે હાલની સ્થિતિમાં ગેસ આધારિત પાવર પ્લાન્ટ માટે આ પ્રકારની નવી ગેસ પાઈપલાઈનની જરૂરિયાત અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. ખાસ કરીને જ્યારે રિન્યુએબલ એનર્જીનો વ્યાપ સતત વધી રહ્યો છે ત્યારે આયાતી અને મોંઘા ગેસ પર આધારિત વીજ ઉત્પાદન માટે ખેડૂતોની જમીનમાંથી પાઈપલાઈન પસાર કરવાની જરૂર શા માટે ઊભી થાય છે, તે મુદ્દે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. બેઠકના અંતે આગામી 31 ઓગસ્ટ, 2026ના રોજ ખેડૂતો દ્વારા સામૂહિક વાંધા રજૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. ટોરેન્ટ પાવરની કામરેજ આખાખોલ ખાતે આવેલી ઓફિસમાં સક્ષમ સત્તાધિકારી સમક્ષ ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહી જાહેરનામા સામે પોતાના વાંધા રજૂ કરશે. અસરગ્રસ્ત ખેડૂતોનું કહેવું હતું કે પાઈપલાઈન માટે ખેતીની જમીનનો ઉપયોગ થવાથી ખેતી અને ખેડૂતોના હિતને અસર થઈ શકે છે. જમીનના ઉપયોગ, વળતર તથા ભવિષ્યમાં ખેતી ઉપર થનારી અસર અંગે પણ ખેડૂતોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. બેઠકમાં ખેડૂતોએ એકસૂરથી નિર્ણય કર્યો હતો કે ખેતીની જમીનમાંથી આ ગેસ પાઈપલાઈન પસાર ન થાય તે માટે સંગઠિત રીતે લડત આપવામાં આવશે. આ મુદ્દે ગામેગામ ખેડૂતોને સાથે જોડીને સામૂહિક રીતે વિરોધ નોંધાવવાનો પણ નિર્ધાર કરવામાં આવ્યો હતો. બેઠકમાં કિસાન સંઘર્ષ સમિતિ, ગુજરાતના કન્વીનર તથા કિસાન કોંગ્રેસના પ્રમુખ જયેશભાઈ પટેલ, દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ (ઓરમા), ખેડૂત અને સહકારી આગેવાન દર્શન નાયક, પર્યાવરણવાદી એમ.એસ.એચ. શેખ અને કામરેજ ખેડૂત સમાજના પ્રમુખ બળવંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

**સુપરવાઈઝર જોઈએ છે**

વિસ્કોસ પ્રોસેસિંગ યુનિટનાં જાણકાર, ઉત્સાહી, મહેન્તુ અને ઈમાનદાર વ્યક્તિ 04, તાત્કાલીક સંપર્ક કરો.

93771 77727

**-:: વેચાણ અંગેની ટાઈટલ કલીયર જાહેર નોટીસ ::-**

આથી જાહેર જનતાને જણાવવાનું કે **સુરત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ તા.માંગરોળના મોજે ગામ : વેલાછા ના રે.સ.નં.૨૨૧, જુનો બ્લોક નં.૨૧૧, રી-સર્વે બાદ નવો બ્લોક નં.૨૦૨,** વાળી ખેડ ખાતાની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.૦-૨૩-૫૬ ચો.મી. કે જેનો આકાર રૂા.૧-૬૭ પૈસાવાળી જમીનના માલીક **ભીમજીભાઈ બચુભાઈ માનસરા** ના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. સદર જમીન તેઓ વેચાણ કરવા માંગે છે. જેથી સદરહું જમીનમાં જો કોઈ શખ્સ, પેટી, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો, વારસદાર વિગેરે હોય તો પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખીતમાં આધાર-પુરાવા સાથે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદર જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત, હીસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો, વારસદાર વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. તેમ સમજી મુદ્દત વિત્યેથી અમારા અસીલ સદર જમીન વેચાણ કરી વેચાણ દસ્તાવેજ કરી આપશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર, દરદાવો યા વાંધા ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : સુરત. તા.૨૩/૦૮/૨૦૨૬
હે. ૨૧, ભવાની શોપીંગ સેન્ટર, માતાવાડી, લંબે હનુમાન રોડ, સુરત. મો.૭૫૬૭૦ ૩૩૩૬૧

**પાર્થકુમાર એ. સાવલીયા**
તે વેચનારના એડવોકેટ

**વેચાણ અંગેની જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે **સુરત ડીસ્ટ્રીક્ટ, સબડીસ્ટ્રીક્ટ-સીટી, શહેર સુરતના મોજે ગામ-અડાજણ** ના રે.સ.નં.૨૪૭ પૈકી, ટી.પી.સ્કીમ નં.૧૩ (અડાજણ), ફાઈનલ પ્લોટ નં.૬૦ પૈકીવાળી બીનખેતીની જમીનમાં **પ્રતિક રો-હાઉસ (હાલ પ્રતિક રો-હાઉસ કો.ઓ.હા.સ.સો.લિ.)** ના નામથી પાડવામાં આવેલા રહેણાંકના પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૧૦૭** વાળી મીલકત, જેનુ પ્લોટનુ ક્ષેત્રફળ ૪૪.૧૩ ચો.મી. છે તે જમીન તથા તેના ઉપર આવેલ બાંધકામ, જેનુ બીલ્ટઅપ ક્ષેત્રફળ ૭૭.૫૦ ચો.મી. છે તે સંપુર્ણ મીલકતના માલીક **શ્રી વિપુલભાઈ પરભુભાઈ પટેલ**એ સદરહુ મીલકત તેઓની કાયદેસરની માલીકી અને કબજા હેઠળ ચાલી આવેલ તેમજ તમામ ટાઈટલો ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનુ જણાવી અમોના અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે. જેથી સદરહુ મીલકતમાં કોઈપણ વ્યકિત, બેંક, મંડળી યા સરકારી, અર્ધસરકારી ખાતાના કોઈપણ જાતના લાગભાગ, હકક, હીસ્સા, હિત, સંબંધ, બોજા, લોન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં લેખિત પુરાવાઓ સહીત અમો નીચે સહી કરનારને રૂબરૂ મળવુ. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ મીલકતમાં કોઈના કોઈપણ પ્રકારના હકક-હિત નથી અને હોય તો જતા કર્યા છે એવુ માની અમારા અસીલ સદરહુ મીલકતનાં પાકા લખાણો તેમજ વેચાણ દસ્તાવેજ મજકુર માલીક પાસેથી રજીસ્ટર્ડ કરી-કરાવી લેશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

તા.૨૪-૦૮-૨૦૨૬

**અતુલ એમ. શાહ**
એડવોકેટ એન્ડ નોટરી
તે ખરીદનારના એડવોકેટ

ઓફીસ : ૭/૨૪૪૫, મેઝેનાઈન ફ્લોર, શાસ્ત્રી ચેમ્બર્સ, સૈયદપુરા, ચોકીશેરી, સુરત. મો.નં. ૯૮૨૫૩-૮૩૫૩૩

**- : : વેચાણ અંગેની જાહેર નોટીસ : : -**

રજીસ્ટ્રેશન ડિ. સુરત, સબ ડિ. તથા તાલુકા : કતારગામના, ગામ મોજે વરીયાવ, ના ખાતા નં. ૬૯,રે.સ.નં.૬૩૯, બ્લોક નં. ૫૭૬, થી નોંધાયેલી હે. ૦-૭૨-૫૪ આરે ચો.મી. કે જેનો આકાર રૂા.૮.૪૪ પૈસા ધરાવતી ખેતીની ખુલ્લી જમીન (૧) જશુબેન તે ગોમનસિંહની પુત્રી તે ગિરીશભાઈની પત્ની, (૨) સરદારસિંહ ગોમનસિંહ ખેર, (૩) હીમતસિંહ પહાડસિંહ કપલેટિયા, (૪) ગંભીરસિંહ નરેન્દ્રસિંહ મહિડા, (૫) પીનલબેન તે નરેન્દ્રસિંહની પુત્રી તે વિક્રમસિંહની પત્ની, (૬) નયનાબેન તે ગોમનસિંહની પુત્રી તે મહેન્દ્રસિંહની પત્ની, (૭) વર્ષાબેન તે વિજયસિંહ કપલેટિયાની પત્ની, (૮) મીનાક્ષીબેન ઉર્ફે મીનાબેન તે પહાડસિંહની પુત્રી તે વિજયસિંહની પત્ની, (૯) હેમલતાબેન તે ગોમાનસિંહની પુત્રી તે કિરણસિંહની પત્ની, (૧૦) દક્ષાબેન તે નરેન્દ્રસિંહની પુત્રી તે હિતેન્દ્રસિંહની પત્ની, (૧૧) માયુસીબેન તે રસીલાબેનની પુત્રી તે હરદીપસિંહની પત્ની, (૧૨) ધર્મીષ્ઠા તે રસીલાબેનની પુત્રી તે ધવલભાઈની પત્ની, (૧૩) મહિપાલસિંહ બળવંતસિંહ વરાછીયા, (૧૪) નુતનબેન તે રસીલાબેનની પુત્રી તે નિકુંજકુમારની પત્ની, (૧૫) મેહુલકુમાર વિજયસિંહ કપલેટિયા, (૧૬) મહિપાલસિંહ વિજયસિંહ કપલેટિયા, નાઓએ તેઓની સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈના કંઈપણ પ્રકારના લખાણ કે કંઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હક્ક, હિત, હિસ્સો કે ઈઝમેન્ટનો બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઈ હક્ક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૭ માં અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઈના પણ હક્ક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે. તેવુ સમજી મારા અસીલ સદર જમીન અંગેના ઉપરોક્ત માલીકો સાથેના વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ :- ૨૧૪, પાર્લે સ્કવેર, અક્ષરવાડી સામે, ડભોલી ફાયર સ્ટેશન પાસે, કતારગામ, સુરત. ૩૯૫૦૦૪

**હેમાંગકુમાર જે. કેવડીયા**
એડવોકેટ

**વેચાણ અંગેની જાહેર નોટીસ**

તાપી જીલ્લાના તાલુકા **વ્યારા**ના ગામ મોજે **મેઘપુર**ના **રે.સ. નં. ૩૩૩** થી નોંધાયેલી જુની શરતની ખેતીલાયક ઉપયોગની ખેતીની જમીન, જેનુ **ક્ષેત્રફળ હે.આરે. ૧-૧૬-૩૫ ચો.મી.** છે જેનો **ખાતા નંબર : ૨૬૯** તથા **આકાર રૂા. ૨.૮૧ પૈસા** છે. તે સદરહુ જમીનના માલિક **સતીષકુમાર કરશનજીભાઈ દેસાઈ**એ મજકુર જમીન પોતાની સ્વતંત્ર માલીકી, કબજા, વહીવટ હેઠળની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે.

જેથી, સદરહુ જમીન ઉપર કોઈપણ રાષ્ટ્રિયકૃત બેંક, સહકારી બેંક, નાણાકીય સંસ્થા યા અન્ય કોઈપણ વ્યકિત યા ઈસમ નો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, અધિકાર, દર-દાવો, કબજો-ભોગવટો ચાલી આવેલ હોય તો તેઓએ આ **નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૪ માં** અમારા અસીલ તરફે અમોને પુરાવા સહીત લેખીતમાં જાણ કરશો. તેમ ન થતા મુદત બાદ, કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, દર-દાવો, કબજો-ભોગવટો ન હતો અને નથી તથા જો હોય તો તે છોડી દીધેલ છે તેમ સમજી અમારા અસીલ મજકુર વેચનારને કિંમતી વેચાણ અવેજ ચુકવી તેઓ પાસેથી વેચાણ દસ્તાવેજ સહિત જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. જે અંગે કોઈની તર-તકરાર ચાલી શકશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૪-૦૮-૨૦૨૬

અસીલની સૂચનાથી

**મનીષ સી. મહેતા** **અમીષ સી. મહેતા** — એડવોકેટ્સ એન્ડ નોટરી
**વિધી એમ. મહેતા** — એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ

સરનામું : ૩૧૧, વુડ સ્કવેર, વેલોસીટી બિલ્ડીંગની સામે, વાસુપુજ્યની બાજુમાં, અડાજણ, સુરત. મો. નં. ૯૮૨૫૬ ૮૫૨૫૪

**જાહેર નોટીસનો જાહેર જવાબ અને જાહેર ખુલાસો**

નીચે વર્ણવેલી મિલકતો બાબતે ગુજરાત મિત્ર દૈનિકમાં તારીખ : ૧૫-૦૮-૨૦૨૬ ના રોજ એડવોકેટશ્રી રાકેશ એ. વાઘવાની મારફતે પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસ બાબતે મારા અસીલની સૂચના મુજબ ખુલાસો કરવાનો કે, નીચે વર્ણવેલી મિલકતો જશપ્રિતસિંઘ કુલદીપસિંઘ સલુજા, અમનદીપ કુલદીપ સલુજા, સરબજીતસિંઘ કુલદીપસિંઘ સલુજા, યશપ્રિતસિંઘ કુલદીપસિંઘ સલુજા, મહેન્દ્રસિંઘ જગદીશસિંઘ સલુજા તથા ઈકબાલસિંઘ જગદીશસિંઘ સલુજા વગેરે વચ્ચે થયેલ મેમોરેન્ડમ ઓફ ફેમિલી સેટલમેન્ટના એગ્રીમેન્ટનો એક ભાગ છે. મજકુર એગ્રીમેન્ટનો જશપ્રિતસિંઘ કુલદીપસિંઘ સલુજા, અમનદીપ કુલદીપ સલુજા, સરબજીતસિંઘ કુલદીપસિંઘ સલુજા, યશપ્રિતસિંઘ કુલદીપસિંઘ સલુજા અમલ કરવામાં સહયોગ આપતા નથી. જ્યાં સુધી મેમોરેન્ડમ ઓફ ફેમિલી સેટલમેન્ટના એગ્રીમેન્ટનો પૂરેપૂરો અમલ ન થાય ત્યાં સુધી તેઓને જમીન વેચાણ કરવાનો કોઈ અધિકાર મળતો નથી. પક્ષકારો વચ્ચે ચાલતા વિવાદ બાબતે લવાદી પ્રકરણો ચાલે છે. સબબ સદરહુ મિલકત કોઈએ પણ તેવા કહેવાતા માલિકો પાસેથી વેચાણ રાખવી નહિં તેવી ચેતવણી આપવામાં આવે છે.

**મિલકતની વિગત**

(૧) બ્લોક નં. ૯૩ અને બ્લોક નં. ૯૪ - મોજે બગુમરા, તાલુકો : પલસાણા, જિલ્લો સુરત ખાતે આવેલી જમીન તથા ઔદ્યોગિક શેડ્સ, જેનું ક્ષેત્રફળ આશરે ૧૮૩૭૬ ચો. મી. છે અને જે ૧૮ જુલાઈ, ૨૦૨૪ ના રોજ વેચાણ દસ્તાવેજ નં. ૮૧૬૨ હેઠળ ખરીદવામાં આવેલ છે તે જમીન
(૨) બ્લોક નં. ૯૮ અને બ્લોક નં. ૯૯ અને બ્લોક નં. ૧૦૦ - મોજે બગુમરા, તાલુકો : પલસાણા, જિલ્લો સુરત ખાતે આવેલી જમીન તથા ઔદ્યોગિક શેડ્સ, જેનું ક્ષેત્રફળ આશરે ૬૩૩૦ ચો.મી. છે અને જે ૧૮ જુલાઈ, ૨૦૨૪ ના રોજ વેચાણ દસ્તાવેજ નં. ૮૧૬૩ હેઠળ ખરીદવામાં આવેલ છે તે જમીન
(૩) બ્લોક નં. ૧૦૧ - મોજે બગુમરા, તાલુકો : પલસાણા, જિલ્લો સુરત ખાતે આવેલી જમીન તથા ઔદ્યોગિક શેડ્સ, જેનું ક્ષેત્રફળ આશરે ૧૩,૬૧૩ ચો.મી. છે અને જે ૧૮ જુલાઈ, ૨૦૨૪ ના રોજ વેચાણ દસ્તાવેજ નં. ૮૧૬૧ હેઠળ ખરીદવામાં આવેલ છે તે જમીન

**મહર્ષિ હિતેશ લાયવાલા**
તે મહેન્દ્રસિંઘ જગદીશસિંઘ સલુજા તથા ઈકબાલસિંઘ જગદીશસિંઘ સલુજાના એડવોકેટ
ઠેકાણું : ત્રીજો માળ,સાઈગોન,સીટીલાઈટ રોડ,પાર્લે પોઈન્ટ,અઠવાલાઈન્સ,સુરત.

**મોજે મગોબના રેવન્યુ સરવે નંબર-૬૯/૨, જેનો બ્લોક નંબર-૯૬, ટી.પી. સ્કીમ નંબર-૫૩ (મગોબ-ડુંભાલ), ફાયનલ પ્લોટ નંબર-૧૨, જેનું ક્ષેત્રફળ ૧૯૫૨ સમ ચોરસ મીટર તથા ફાયનલ પ્લોટ નંબર-૩૯, જેનું ક્ષેત્રફળ ૧૦૦૨ સમ ચોરસ મીટર અંગે આપેલ જાહેર નોટીસ તથા ચેતવણીનો જાહેર જવાબ**

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત સીટી, તાલુકો પુણાના મોજે ગામ મગોબના બ્લોક નંબર-૯૬, રેવન્યુ સરવે નંબર-૬૯/૨ વાળી જમીન, જેનો ટી.પી. સ્કીમ નંબર-૫૩ (મગોબ-ડુંભાલ) વાળી જમીન અંગે તા. ૨૦/૦૮/૨૦૨૬ ના રોજ 'ગુજરાતમિત્ર' દૈનિકપત્રમાં રાનીદાન મેઘરાજ ગાંધી તે વિવેક એમ્પાયર્સના ભાગીદાર તરફથી તેઓના એડવોકેટ શ્રી હરેશભાઈ એમ. નાકરાણીનાઓએ જાહેર નોટીસ તથા ચેતવણી પ્રસિદ્ધ કરી છે તે ખોટી, પાયાવિહોણી અને ગેરરસ્તે દોરવનારી છે.

સદરહું જમીનના અમારા અસીલ નિલમબેન તે અરવિંદભાઈ ધીરજલાલની દિકરી તથા મેહુલ મહેતાની પત્ની એકલા સ્વતંત્ર અને સંપૂર્ણ માલિક મુખત્યાર અને કબજેદાર તરીકે ચાલી આવેલા છે. અમારા અસીલ તા. ૦૩/૦૪/૨૦૧૦ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી સદરહું જમીનના માલિક મુખત્યાર થયા છે જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મહેરબાન સબ રજીસ્ટ્રાર (નવાગામ) સુરતની કચેરીમાં અનુક્રમ નંબર-૫૯૪૪ થી નોંધાયેલો છે. સદરહું દસ્તાવેજમાં જણાવવામાં આવેલી પુરેપુરી અવેજની રકમ અમારા અસીલે તેઓના બેન્ક એકાઉન્ટ માંથી રવજીભાઈ માધાભાઈ ઠુમ્મરનાઓને ચુકવી આપેલ છે તથા સદર જમીન અમારા અસીલની પોતાની સ્વપાર્જીત કમાણી માંથી ખરીદ કરવામાં આવેલી છે જેથી સદરહું જમીન અમારા અસીલની સ્વપાર્જીત જમીન તરીકે ચાલી આવેલી છે.

સદરહું જમીન બાબતે અમારા અસીલ વિરૂદ્ધ રવિન્દ્ર ભુલાભાઈ પટેલ વિગેરેનાઓએ રવજીભાઈ માધાભાઈ ઠુમ્મર વિગેરેનાઓ વિરૂદ્ધ મહેરબાન સુરતના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે. દિ. મુ. નંબર-૧૨૨/૨૦૦૮ નો દાવો દાખલ થયેલ છે જે દાવો હાલ પેન્ડીંગ છે. સદર દાવામાં વાદીએ આંક-૩૨ થી અમારા અસીલને સદર દાવામાં પક્ષકાર તરીકે જોડાવા માટે અરજી આપેલી જે અરજી નામદાર કોર્ટે તા. ૨૧/૦૬/૨૦૧૧ ના રોજ મંજુર કરેલી. અમારા અસીલ સદર દાવામાં પ્રતિવાદી નંબર-૯ તરીકે પક્ષકાર જોડાયેલા છે.

**આ રીતે સદરહું જમીન અમારા અસીલના કાયદેસરના સ્વતંત્ર અને સંપૂર્ણ માલિક તરીકે ચાલી આવેલી છે. કાયદેસરનો કબજો, ભોગવટો, વહીવટ, વપરાશ અમારા અસીલનો સને ૨૦૧૦ ના અરસાથી ચાલી આવેલો છે. સદરહું જમીનમાં અમારા અસીલ સિવાય અન્ય કોઈનો કે આપના અસીલનો કશા પ્રકારનો કોઈ હક્ક કે અધિકાર નથી. રાનીદાન મેઘરાજ ગાંધી તે વિવેક એમ્પાયર્સના ભાગીદારનાઓએ હમારા અસીલની જમીનમાં ખોટા હક્કો ઊભા કરવાના મલિન ઈરાદેથી જાહેર નોટીસ તથા ચેતવણી માં પાઠફેર હકીકતો દર્શાવી છે જેથી સદર જાહેર નોટીસ તથા ચેતવણીથી કોઈએ પણ ભરમાવવું નહી.**

ઉપરોક્ત સંજોગોમાં સદરહું જમીન અંગે અમારા અસીલ સિવાય અન્ય કોઈ સાથે કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ પણ કરવો નહી. વ્યવહાર કરનારને કોઈપણ પ્રકારનો હક્ક પ્રાપ્ત થશે નહી તેની આથી સરવેએ નોંધ લેવી.

આ જાહેર ચેતવણીનો જાહેર જવાબ અમારી સુચનાથી આપવામાં આવેલ છે.
(નિલમબેન તે અરવિંદભાઈ ધીરજલાલની દીકરી તથા મેહુલ મહેતાની પત્ની) તા. ૨૪/૦૮/૨૦૨૬

અમારી મારફત

**જતિન જે. ગાંધી** **જીલાન એન. મલીક**
**ઉમંગ જે. ગાંધી**
એડવોકેટ્સ

ઓફીસ-૪૦૧, "સાઈગોન" ચોથા માળે, સ્ટાર બક્સની ઉપર, સીટીલાઈટ રોડ, સુરત.